ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૧૦-૧૧/૧૭૪૧-૬૭
કમિશ્નર, મ.ભો. અને શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા, ગાંધીનગર.
તા.૨૫ / ૦૨ /૨૦૧૧

વિષય:-તમાકુ મુકત શૈક્ષણિક સંસ્થા અંગે.
સંદર્ભ:-અધિક નિયામક, આરોગ્ય અને સ્ટેટ નોડલ ઓફીસર(ટોબેકો કંટ્રોલ) ગાંધીનગર ના તા.૨૪/૨/૨૦૧૧નો પત્ર

**પરિપત્ર:-**

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા વર્ષ-૨૦૦૫માં વિશ્વમાં તમાકુના સેવનના કારણે ૫૪ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા જો આ જ પરિસ્થિતિ યથાવત રહેશે તો "સદીના અંત સુધીમાં સમગ્ર વિશ્વમાં ૧૦૦ કરોડથી વધુ લોકો મૃત્યુ પામશે તથા તેમાંથી લગભગ ૮૦ કરોડથી વધુ મૃત્યુ ભારત જેવા વિકાસશીલ દેશોમાં થશે તેવો અંદાજ છે " ભારતમાં દર વર્ષે ૧૦ લાખ કરતા વધુ લોકો તમાકુના સેવનના કારણે મૃત્યુ પામે છે. નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૩(૨૦૦૫-૦૬) પ્રમાણે ભારતમાં ૫૭% પુરૂષો અને ૧૧% સ્ત્રીઓ તમાકુનો ઉપયોગ કરે છે. જયારે ગુજરાતમાં ૬૦% પુરૂષો અને ૮.૪% મહિલાઓ તમાકુનું સેવન કરે છે.

ગુજરાતમાં થયેલા ગ્લોબલ યુથ ટોબેકો સર્વે-૨૦૦૩ મુજબ ધો-૮ થી ૧૦માં ભણતા બાળકોમાં ૨૯% છોકરાઓ અને ૪.૩% છોકરીઓ તમાકુનું સેવન કરશે તેવો અંદાજ છે. તમાકુનું સેવન કરતા બાળકોના મંતવ્ય પ્રમાણે મિત્રો બનાવવા તેમજ આકર્ષક દેખાવવા માટે તેઓ તમાકુનું સેવન કરે છે.

ભારત સરકારશ્રીના ગેઝેટમાં દર્શાવ્યા મુજબ દરેક શૈક્ષણિક સંસ્થાએ પોતાની શૈક્ષણિક સંસ્થાના મુખ્ય દરવાજાએ સરળતાથી જોઈ શકાય તે રીતે નીચે મુજબનું બોર્ડ લગાવવાનું થાય છે અને આ બોર્ડ લગાવવાની જવાબદારી જે તે શૈક્ષણિક સંસ્થાના વડાની છે.

| |
|---|
| આ શૈક્ષણિક સંસ્થા છે, આ સંસ્થાના ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુના વેચાણ પર સખત પ્રતિબંધ છે અને તે દંડનીય અપરાધ છે. |

આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવશ્રીના તા.૮/૫/૨૦૧૦ના અર્ધસરકારી પત્રથી આપેલ સુચનાઓનો અમલ રાજયની દરેક શૈક્ષણિક સંસ્થાઓને કરવા જણાવાયેલ છે.

તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા માટે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ગદર્શિકા બનાવવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. તેમા જણાવેલ સુચનાઓ પ્રમાણે આપના તાબાની શૈક્ષણિક સંસ્થાઓમાં અસરકારક અમલ થાય તેવી કાર્યવાહી કરવા જણાવવામાં આવે.

ઉપરોક્ત હકીકતે "સ્વર્ણિમ ગુજરાત" ઉજવણીના વર્ષમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩નો દરેક શૈક્ષણિક સંસ્થા ખાતે અસરકારક અમલ થાય તે જરૂરી છે. જેના થકી "વ્યસનમુક્ત ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત" નું સપનું સાકાર કરવાનો પ્રયત્ન કરી શકાશે અને ગુજરાતની આજની અને આવનારી પેઢીને તમાકુના જીવલેણ વ્યસનથી રક્ષણ આપવાનો પ્રયત્ન કરી શકાશે.

આ અંગેના કોઈપણ ટેકનીકલ સપોર્ટ માટે સ્ટેટ ટોબેકો કંટ્રોલ સેલ, કમિશનર ઓફ હેલ્થ એન્ડ મેડીકલ સર્વિસ અને મેડીકલ એજ્યુકેશન, બ્લોક નં.૫/૩ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાતનો સંપર્ક કરી શકો છો.

બીડાણ:-ઉપર મુજબ

(ડૉ.વી.બી.ભેંસદડીયા)
સંયુક્ત શિક્ષણ નિયામક(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

નકલ સવિનય રવાના:-

શ્રી પરેશ દવે,
અધિક નિયામક(આરોગ્ય) અને સ્ટેટ નોડલ ઓફીસર(ટોબેકો કંટ્રોલ)
બ્લોક નં.૫/૩ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા, ગાંધીનગર.

**"વ્યસનમુક્ત ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત"**

૫૮-૫૫



Scanned by CamScanner